# શાઓમીએ પોતાની સૌપ્રથમ રેડમિ K20 સિરીઝ અને રેડમિ 7A અમદાવાદમાં લોન્ચ કરી




અમદાવાદ, ભારતની નંબર વન સ્માર્ટફોન અને સ્માર્ટ ટીવી બ્રાન્ડ શાઓમીએ આજે અત્યંત અપેક્ષિત રેડમિ K20 સિરીઝના સ્માર્ટફોન્સ – રેડમિ K20 અને રેડમિ K20 પ્રોને અમદાવાદ શહેરમાં લોન્ચ કર્યા હોવાની જાહેરાત કરી છે. શાઓમીએ તેની સાથે પોતાના તરફથી શહેરમાં સૌપ્રથમ વખત ૨ વર્ષની વોરંટી સાથેના રેડમિ 7Aની પણ જાહેરાત કરી છે. અદભૂત સ્માર્ટફોન્સ ઉપરાંત શાઓમીએ તાજેતરમાં જ લોન્ચ કરાયેલ ઈકોસિસ્ટમ પ્રોડક્ટ્સ જેમ કે Miરિચાર્જેબલ એલઈડી લેમ્પ અને Miબ્લ્યુટૂથ મેકબેન્ડ ઈયરફોન્સનું પણ નિદર્શન કર્યું છે. રેડમિ K20 સિરીઝમાં ૧૬.૨ સેમી (૬.૩૯) ૧૦.૫.૯ ફુલ એચડી + AMOLED હોરાઈઝન ડીસ્પ્લે, 20MP પોપ-અપ સેલ્ફી કેમેરો અને અતુલ્ય ૯૧.૯% સ્ક્રીન ટુ બોડી રેશિયો પણ હાંસલ કરે છે. હોરાઈઝન AMOLED ડીસ્પ્લે ૭મી જનરેશન ઈન-ડીસ્પ્લે ફિંગરપ્રિન્ટ સ્કેનર સાથે આવે છે અને બન્ને ફોન કોર્નિંગિ ગોરિલાિગ્લાસ ૫ (આગળ અને પાછળ)થી રક્ષિત છે. રેડમિ K20 પ્રો સૌપ્રથમ ઓક્ટા કેર ક્વાલકોમ સ્નેપડ્રેગનન ૮૫૫ ચિપસેટ 2.84GHz સુધી ધરાવે છે જે આગવી કામગીરી ઓફર કરે છે. રેડમિ K202.2GHz સુધીતદ્દન નવા ઓક્ટા-કોર ક્વાલકોમ સ્નેપડ્રેગનન ૭૩૦ પ્રોસેસર ધરાવતા હોવાથી આ સેગમેન્ટમાં નવીન કામગીરી લાવે છે. રેડમિ K20 અને K20 પ્રો એ પહેલા પ્રથમ ફોન્સ છે જેમાં પોપ અપ સેલ્ફી કેમેરાની આસપાસ એડ-લિટ મોડ્યૂલનો સમાવેશ થાય છે. રેડમિ K20 સિરીઝ AI ટ્રિપલ કેમેરા સેટઅપ સાથે આવે છે, જેમાં 48MP મુખ્ય કેમરા, 8MP ટેલિફોટો અને 13MP વાઈડ-એંગલનો સમાવેશ થાય છે.(૮)

## પાલનપુરમાં અપહ્યુત બાળાનો હેમખેમ છૂટકારો

પાલનપુર, પાલનપુર જોરાવર પેલેસમાં આવેલા જન સેવા કેન્દ્ર આગળથી ગુરૂવારે સાંજના સુમારે અજાણી મહિલા અને એક શખ્સે રિક્ષામાં બાળકીનું અપહરણ કરતાં ભારે અફરા- તફરી મચી જવા પામી હતી. આ અંગેની જાણ થતાં જ એકશનમાં આવેલી પોલીસે ગણતરીના કલાકોમાં જ અપહ્યુત બાળકીને હેમખેમ છોડાવી હતી. આ ઘટનાક્રમને પગલે શહેરભરમાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. ઘટનાની વિગતો એવી છે કે, શહેરના જોરાવર પેલેસ કે જ્યાં જિલ્લા પોલીસવડા, જિલ્લા કલેકટર સહિતની સરકારી કચેરીઓ આવેલી છે. ત્યાં મામલતદાર કચેરીની સામે આવેલા જન સુવિધા કેન્દ્ર નજીકથી ગુરૂવારે સાંજના સુમારે એક અજાણી મહિલાએ નાની બાળકીનું રિક્ષામાં અપહરણ કર્યુ હતુ. આ અંગેની જાણ થતાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. દરમિયાન પોલીસને જાણ થતાં જિલ્લા પોલીસવડા પ્રદિપ સેજુળની સૂચનાથી ડીવાયએસપી એ. આર. જનકાંત સહિત પોલીસે ગણતરીના કલાકોમાં જ માલણ દરવાજા વિસ્તારમાંથી અપહરણકર્તા મહિલાના સકંજામાંથી બાળકીને હેમખેમ છોડાવવામાં આવી હતી.

### સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે બેઠકમાં હાજર રહેશે

# મોદી સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ગુજરાત આવે તેવી સંભાવના

## બીજી ઓક્ટોબરે ગાંધીજીની જન્મજયંતિએ સ્વચ્છ ભારત અભિયાનની ઉજવણી થશે : અનેક મહાનુભાવો પહોંચશે

અમદાવાદ, આગામી સપ્ટેમ્બર અને ઓક્ટોબર મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવવાના છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે યોજાનારી મિનિસ્ટ્રી ઓફ એક્સટર્નલ અફેર્સ (એમઈએ)ની બેઠકમાં હાજરી આપશે. ઉપરાંત તા.૨ ઓક્ટોબરે મહાત્મા ગાંધી જન્મજયંતી અને સ્વચ્છ ભારત અભિયાનની ઉજવણી કરવામાં આવશે. તા.૩૧મી ઓક્ટોબરે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે યોજાનારી આઈએએસ, આઈપીએસ અને આઈએફએસ સાથે યોજાનારી મીટિંગમાં પણ હાજરી આપવાના છે. અત્યાર સુધી એમઈએની ૯ બેઠક યોજાઈ છે અને બધી જ દિલ્હી ખાતે જ યોજાઈ છે. જો કે, ભારતના ઈતિહાસમાં પહેલી વાર મિનિસ્ટ્રી ઓફ એક્સ્ટર્નલ અફેર્સ (એમઈએ) તેમની વાર્ષિક બેઠક દિલ્હી બહાર યોજશે. ગુજરાતમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે આ કોન્ફરન્સ યોજાવાની છે. આ કોન્ફરન્સમાં ભારતના એમ્બેસેડર્સ, ડિપ્લોમેટ્સ અને આખી દુનિયાના હાઈ કમિશનર્સ ભેગા થશે. આ કોન્ફરન્સ આ વખતે ગુજરાતમાં સપ્ટેમ્બરના મધ્યભાગમાં યોજાવાની છે. બે દિવસ માટે યોજાનારી આ કોન્ફરન્સમાં વડાપ્રધાન મોદી, વિદેશ મંત્રી એસ. જયશંકર અને અન્ય ટોચના મહાનુભાવો હાજર રહેશે. તેમાં ભારતના અર્થતંત્રમાં સુધારા અને વિવિધ વિષયો પર ચર્ચા થશે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું અનાવરણ કર્યું હતું અને જણાવ્યું હતું કે, આ ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત છે જેમને કોંગ્રેસે આટલા વર્ષ અવગણ્યા હતા. મોદી જયારે ગુજરાતના સીએમ હતા ત્યારે તેમણે આ પ્રતિમા બનાવવાનું સપનુ જોયું હતું. આજે સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં રોજ ૧૦ હજારથી વધુ સહેલાણીઓ મજા માણવા આવતા હોયછે. હવે એમઈએની મિટીંગ હોવાથી સ્ટેચ્યૂ



ઓફ યુનિટી ઈન્ટરનેશનલ ડેસ્ટિનેશન બની શકે છે. મિનિસ્ટ્રી ઓફ એકસટર્નલ અફેર્સ(એમઈએ)ની બેઠકને લઈને પણ રાજય સરકાર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# નડિયાદના છાંટિયાવાડમાં સસ્તા અનાજની દુકાનમાં ૩૧૦ લિટર કેરોસીનનો જથ્થો સીઝ



નડિયાદ, ડિયાદ શહેરના છાંટિયાવાડમાં આવેલી રામદેવજી સહકારી ગ્રાહક ભંડાર લી. (સસ્તા અનાજની દુકાન)માં ગુરૂવારે જિલ્લા પુરવઠા વિભાગના અધિકારી દ્વારા ચેકીંગ હાથ ધર્યુ હતું. જેમાં દુકાનદારે કેરોસીનનો જથ્થો દુકાનના બદલે અન્ય સ્થળે રાખીને નિયમનો ભંગ કર્યો હતો. જેથી ૩૧૦ લિટર કેરોસીનનો જથ્થો સીઝ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ખેડા જિલ્લા પુરવઠા વિભાગના અધિકારી બી.ડી. ચૌહાણ તથા સ્ટાફ ગુરૂવારે નડિયાદ શહેરમાં છાંટિયાવાડમાં આવેલી રામદેવજી સહકારી ગ્રાહક ભંડારનું રૂટીન ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં સરકારી અનાજ સહિત વિવિધ વસ્તુઓના સ્ટોકની ગણતરી કરાઈ હતી. જયારે આ દુકાનમાં સરકારી કેરોસીનનો જથ્થો નહીં હોવાથી દુકાનદારની પૂછપરછ કરતા જથ્થો દુકાનમાં રાખવાના બદલે પરવાના સિવાયની અન્ય દુકાનમાં રાખ્યો હતો. કેરોસીનનો જથ્થો મંગાવાયો હતો. અધિકારીએ ૩૧૦ લિટર કેરોસીનનો જથ્થો પરવાના સ્થળે રાખવાના બદલે અન્ય સ્થળે રાખીને નિયમનો ભંગ કરતા સીઝ કરી દુકાનદાર સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# બાયડના સાઠંબામાં જમીન મુદ્દે કેરોસીન છાંટી આત્મવિલોપનના પ્રયાસથી ચકચાર



બાયડ, બાયડના સાઠંબા ગામના વ્યક્તિની જમીનને કુટુંબીજનોએ જાણ બહાર પોતાના નામે કરાવી લીધી હતી જે બાબતે મહિલાએ વારંવાર તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતાં નિરાકરણ ન આવતાં કેરોસીન છાંટી આત્મવિલોપનનો પ્રયાસ કરવાની ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. બાયડ તાલુકાના મૂળ સાથંબા ગામના વતની દિનેશભાઈ વાળંદની પિતૃક જમીન સાઠંબા ગાબટ રોડ પર આવેલી છે. દિનેશભાઈ પોતે હાલ વ્યવસાય અર્થે મેઘરજ રહે છે. મહિલાના પિતાની જમીન તેમની જાણ બહાર તેમના કુટુંબીજનોએ તેમના નામે કરાવી દીધી હોવાનું તેમના ધ્યાને આવ્યું હતું. જેના કારણે દિનેશભાઈ અને તેમની પત્ની વર્ષાબહેને પોતાનો હક મેળવવા માટે કાનૂની કાર્યવાહી શરૂ કરી હતી. આ વાતને પણ ૬ થી ૭ વર્ષ જેટલો સમય વીતી ગયો છતાં કંઈ પણ નિવેડો ન આવતાં છેવટે દિનેશભાઈના પત્ની વર્ષાબેને જિલ્લા કલેકટરને લેખિત આપ્યું હતું. છતાં જમીન અંગે કંઈ પણ નિવેડો ન થતાં ગુરુવારના રોજ વર્ષાબેન વાળંદ પોતાના વતન સાઠંબા ખાતે આવેલ પિતૃક જમીન પર જઈ શરીર પર કેરોસીન છાંટી આત્મવિલોપન કરવાનો પ્રયાસ કર્યો હતો.

# દાંતા તાલુકાના સેબલપાણી ગામે મહિલા આરોગ્ય કર્મીને ત્રાસ અપાતો હોવાની રાવ

અંબાજી, દાંતા તાલુકાના સેબલપાણી ગામે કાર્યરત પી. એચ. સી. સેન્ટર ના મેડિકલ ઓફિસર દ્વારા એક મહિલા આરોગ્ય કર્મચારી સાથે અપમાનજનક વ્યવહાર અને માનસિક ત્રાસ અપાતો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ અંગે પીડિત મહિલા કર્મચારીએ ઉચ્ચ કક્ષાએ લેખિત વેદના ઠાલવતા આરોગ્ય વર્તુળમાં ભારે ખળભળાટી પ્રસરી જવા પામી છે.

દાંતા તાલુકાના અંબાજી નજીક કોટેશ્વર ખાતે એક મહિલા આરોગ્ય કર્મચારી જી. બી. દરજી એફ. એચ. ડબ્લ્યુ. તરીકે ફરજ બજાવે છે. જ્યાં છેલ્લા દોઢેક વર્ષથી પ્રા. આરોગ્ય કેન્દ્ર સેબલપાણીના મેડિકલ ઓફિસર ડો. સુલતાન સિપાઈ દ્વારા આ મહિલા કર્મી સાથે અપમાનજનક વર્તન અને માનસિક ત્રાસ અપાતો હોવાની ફરિયાદ ઉઠી છે. પીડિત મહિલાની વેદના મુજબ મિટિંગ દરમ્યાન જાહેરમાં વારંવાર અપમાન કરવા સાથે તું ઘરે જા નહીતર લાફો મારી દઈશ તેવી ધમકી આપી માનસિક ત્રાસ ગુજારવામાં આવે છે.

**SAR AUTO PRODUCTS LIMITEED**
(Corporate Identity Number: L34100GJ1987PLC010088)
Regd.Office: 50-E Bhaktinagar Industrial Estate,Rajkot - 360002
Ph: (0281) – 2374726
Email: sapl@sarautoproductsltd.com
Website: www.sarautoproductsltd.com

**NOTICE**

Pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015(Listing Regulations), Notice is hereby given that Meeting of the Board of Directors of the Company is scheduled to be held on **05th August, 2019** on Monday to inter alia consider and approve the standalone un-audited quarterly financial result for the quarter ended on 30th June, 2019 at the Registered office of the Company.
This information is also available on the Company's website at www.sarautoproductsltd.com and at BSE website at www.bseindia.com.
Further, the "Trading Window" for dealing in the Equity Shares of the Company is closed from 01st July, 2019 till 48 hours after the declaration of quarterly un-audited financial result for the quarter ended on 30th June,2019.

Place: Rajkot.
Date : 26-07-2019

By Order of Board
Sar Auto Products Limiteed
Sd/-
RAMESHKUMAR D. VIRANI
CHAIRMAN
DIN NO: 00313236

# ૨ વર્ષમાં ભાવનગર જિલ્લામાં ૨૪૨૪૦ પાઈપલાઈન રાંધણગેસ કનેકશન અપાશેઃ ગુજરાત સરકાર



ભાવનગર જિલ્લામાં પાઈપલાઈન મારફતે રાંધણગેસ પહોંચાડવાની કામગીરી સંદર્ભે વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તર આપતાં મંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે, આગામી બે વર્ષમાં ભાવનગર જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ૨૪,૨૪૦ નવા પાઈપ લાઈન રાંધણ ગેસ કનેકશન આપવાનું આયોજન છે.

મંત્રી સૌરભ પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, પહેલા એક જમાનો હતો કે દેશમાં ઉત્પન્ન થતો ગેસ મોટા મોટા ઉદ્યોગકારો લઈ જતા હતા. જેને કારણે ગેસને ઈમ્પોર્ટ કરવો પડતો હોવાથી પ્રમાણમાં ગેસ મોંઘો પડતો હતો. આ સંદર્ભે લડત આપી ત્યારબાદ નિર્ણય લેવાયો કે દેશમાં ઉત્પન્ન થતો સંપૂર્ણ ગેસ ભારત સરકારને આપવો પડશે એટલે કે પહેલો હક્ક દેશના લોકોનો હશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ૩૧ માર્ચ-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભાવનગર જિલ્લામાં ૧૯,૭૦૦ થી વધુ ઘરોમાં પાઈપલાઈન દ્વારા રાંધણ ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે. જેમાં ભાવનગર તથા પાલીતાણા તાલુકાને આવરી લેવામાં આવ્યા છે. આગામી બે વર્ષમાં નવા ૨૪,૨૪૦ કનેક્શન આપવાનું પ્લાનિંગ છે. તેમાં ભાવનગર જિલ્લાના તમામ મોટાભાગના તાલુકાઓનો સમાવેશ કરી લેવામાં આવશે. પાઈપલાઈન દ્વારા રાંધણ ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે.

# સિદ્ધપુર પોલીસ સ્ટેશનમાં ૧૨૫ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું

સિદ્ધપુર, સિધ્ધપુર પોલીસ પરિવાર દ્વારા યુવા પોલીસ કોન્સ્ટેબલ સ્વ.નરેશભાઈ ચૌધરીને શ્રધ્ધાંજલી આપવા બુધવારે સિદ્ધપુર પોલીસ સ્ટેશન ખાતે મેગા રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. સિધ્ધપુર પોલીસમાં ફરજ બજાવતા અને નાની વયે હૃદયરોગના હુમલામાં મૃત્યુ પામનાર કોન્સ્ટેબલ નાગવાસણના વતની સ્વ.નરેશભાઈ ચૌધરીને શ્રદ્ધાંજલિ આપવા સિદ્ધપુર પોલીસ પરિવાર દ્વારા સિધ્ધપુર ક્ષત્રિય ઠાકોર સેના અને સિધ્ધપુર સિવીલ બ્લડ બેન્કના સહયોગથી બુધવારે સિધ્ધપુર પોલીસ સ્ટેશન ખાતે એક મેગા રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો.

જેમાં જીલ્લા પોલીસ વડા શોભાબેન ભુતડા, ડીવાયએસપી સી.એલ. સોલંકી, પી.આઈ વાય.બી.જાડેજા તથા તમામ પીએસઆઈઓ, કર્મચારીઓ સહિત પોલીસ જવાનો, હોમગાર્ડના જવાનોએ સ્વ. નરેશભાઈ ચૌધરીને શ્રધ્ધાંજલી પાઠવી હતી તથા રકતદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૨૫ જેટલા યુનિટ રક્તદાન પ્રાપ્ત થયુ હતુ. જેમાં સિધ્ધપુર પોલીસ પરિવાર, ક્ષત્રીય ઠાકોર સેના, સિધ્ધપુર શહેરના નગરજનોએ રક્તદાન કર્યુ હતુ. આ અગાઉ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોના સ્ટાફે પાંચ લાખનો ફાળો એકઠો કરી સ્વ. નરેશભાઈના પરિવારને મદદરૂપ બન્યા હતા ઉપરાંત સુરતના પોલીસ ટ્રેનિંગમાં સહમિત્રોએ ૮૧૦૦૦ નો ફાળો એકત્ર કરીને પરિવારને મદદ પહોંચાડી હતી.

**દિશા રિસોર્સિસ લીમીટેડ**
(અરિહન્ત એવેન્યુ એન્ડ ક્રેડિટ લીમીટેડ નામ થી ઓળખાતી હતી)
રજીસ્ટર્ડ ઓફીસઃ ૩, રાજેશ એપાર્ટમેન્ટ, અજન્ટા કોમ. એસ્ટેટ પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪.
ફોન : (ઓફિ.) ૨૭૫૪-૦૭૯૦, ૨૭૫૪૩૦૬૦
ઈ-મેઈલ: info@aacl.co.in CIN: L74110GJ1995PLC024869
વેબસાઈટ : www.aacl.co.in

**નોટીસ**

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે સેબીના( લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસક્લોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ હેઠળ ૨૯ સાથે રેગ્યુલેશન ૪૭ ને અનુસરીને ૩૦મી જૂન,૨૦૧૯ના રોજ પૂરા થતા કંપનીના પ્રથમ ક્વાર્ટર અને ત્રૈમાસીક અંતે સ્ટેન્ડલોન અનઓડીટેડ નાણાંકીય પરીણામને ધ્યાન ઉપર અને રિકાર્ડમાં લેવા કંપનીની રજદીસ્ટર્ડ ઓફિસે **સોમવાર, ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ** કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટીંગ મળનાર છે.
ઉક્ત સંદર્ભમાં ટ્રેડીંગ વિન્ડો સોમવાર, ૦૧ જુલાઈ, ૨૦૧૯ થી તમામ ડેઝીગ્નેટેડ વ્યક્તિઓ માટે બંધ રહેશે . જે ૩૦ જૂન, ૨૦૧૯ના દિવસે પ્રથમ ક્વાર્ટર અને ત્રૈમાસીક અંતે સ્ટેન્ડલોન અનઓડીટેડ નાણાંકીય પરીણામના જાહેર કર્યા ના ૪૮ કલાક પછી ખુલશે .
આ માહિતી કંપનીની વેબસાઈટ www.aacl.co.in અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ રહેશે.

દિશા રિસોર્સિસ લીમીટેડ વતી
(અરિહન્ત એવેન્યુ એન્ડ ક્રેડિટ લીમીટેડ નામ થી ઓળખાતી હતી)
ક્રિષ્ણા અવતાર કાબરા,
મેનેજીંગ ડીરેક્ટર
ડીન : ૦૦૬૫૦૮૧૭

તારીખ : ૨૫.૦૭.૨૦૧૯
સ્થળ : અમદાવાદ

# એસબીઆઈનાં નિકાસ પર સેવાનાં સંશોધિત ચાર્જ ૧ સપ્ટેમ્બર, ૨૦૧૯થી લાગુ થશે

અમદાવાદઃ દેશની સૌથી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)એ તેની નિકાસ સંબંધિત સેવાનાં ચાર્જીસને તાર્કિક કર્યા છે. એનો ઉદ્દેશ વેપારવાણિજ્યની સરળતામાં વધારો કરવાનો અને નિકાસકારોને ખર્ચનું સ્પષ્ટ માળખું પ્રદાન કરવાનો છે. જ્યારે આ ચાર્જીસમાં સુધારા કરવામેં આવ્યાં છે, ત્યારે એસબીઆઈએ વિવિધ નિકાસ સંવર્ધન પરિષદો પાસેથી પ્રાપ્ત અભિપ્રાયો/રજૂઆતોને ધ્યાનમાં લીધી છે.

સેવામાં આ સંશોધિત ચાર્જની ચુકવણી વર્ષમાં એકવાર આગોતરી કરવામાં આવશે, જ્યારે હાલ દરેક નાણાકીય વ્યવહાર માટે વિવિધ ચાર્જની ચુકવણી કરવામાં આવે છે. એનાં પરિણામે નિકાસકારોને કામગીરીમાં સરળતા વધશે. એસબીઆઈને અપેક્ષા છે કે, આ સુધારેલા ચાર્જથી નિકાસકારોને મદદ મળશે અને નિકાસમાં વધારો કરવામાં સહાય મળશે. આ સંશોધિત ચાર્જ ૧ સપ્ટેમ્બર, ૨૦૧૯થી લાગુ પડશે. (૧)

# અવાયાનો પાવરફુલ વીડિયો કોલાબ્રેશનના એડવાન્સ ચરણમાં પ્રવેશ

અમદાવાદઃ કોમ્યુનિકેશન અને કોલાબ્રેશનને સરળ અને ઉન્નત બનાવવા માટે સોલ્યુશન રજુ કરવામાં વિશ્વભરમાં અગ્રણી કંપની અવાયા એ ભારતમાં કલાઉડ આધારિત વીડિયો કોન્ફરસિંગ અને અવાયા ઁઠ કોલાબ્રેશન યૂનિટ ઝ્રેંૃ૩૬૦ તથા અવાયા ઈક્વિનોક્સ મીટિંગ ઓનલાઈન (એઈએમઓ) ને રજુ કર્યા છે. ઝ્રેંૃ૩૬૦ ફુલ ૧૦૮૦ૅ નું પરફોરમન્સ આપનાર એક કોમ્પેકટ કોલાબ્રેશન યૂનિટ છે જે કોઈપણ જગ્યાને એક વીડિયો કોલાબ્રેશન રૂમમાં બદલાવ કરી વર્કપ્લેસના અનુભવને સંપૂર્ણરીતે બદલવાનું વચન આપે છે.



એઈએમઓ એક સબસ્ક્રીપ્શન આધારિત સેવા છે જે ગ્રાહકોને વર્ચ્યુઅલ મીટિંગ રૂમ્સનો અનલિમિટેડ ઉપયોગ પ્રદાન કરે છે અને ગ્રાહકોને વોઈસ, વીડિયો, ચેટ કોમ્યુનિકેશન્સ, ચેનલ્સ, કેલેન્ડર, મીટિંગ્સ વગેરે જેવા કેટલાય કાર્યો માટે વન-સ્ટોપ એકસેસ માટે સરળ અને સંપૂર્ણ વ્યકિતગત યૂઝર ઈન્ટરફેસની સુવિધા આપે છે. એક બંડલયુકત સેવાતરીકે રજુ કરવામાં આવેલ આ સુવિધા અંતર્ગત ગ્રાહક 'અવાયા ઈક્વિનોક્સ મીટિંગ્સ પ્લેટફોર્મનો ઉપયોગ કિફાયતી શુલ્ક એટલે કે માત્ર ૧૦ પૈસા પ્રતિ મિનિટના દરે કરી શકે છે. (૧૩-૫)

# શાળાને ૬૦થી ૮૦% વીજળી સૌરઊર્જાથી મળે છે

આણંદ, વીજળી માટે સ્વનિર્ભર બનેલી આણંદની ચરોતર ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં ૬૦થી ૮૦ટકા વીજળી સૌરઊર્જાથી મેળવવામાં આવે છે. જેના કારણે સ્કૂલનું વીજળીનું બીલ પણ ૪૦થી ૮૦ટકા ઘટી ગયું છે. શાળાના વર્ગખંડ, કમ્પ્યુટર લેબ કે લેબોરેટરીમાં જરૂરિયાતની વીજળીનું ઉત્પાદન પણ શાળામાં જ કરાઈ રહ્યું છે, જેના કારણે વિદ્યાર્થીઓમાં ક્લીન એનર્જીના ઉપયોગ વિશે જાગૃતતા કેળવવાય છે. તેમજ શાળા પર વીજળીના બીલનું ભારણ પણ ઘટે છે. ચરોતર એજ્યુકેશન સોસાયટીના આદિત્ય પ્રોજેક્ટ હેઠળ ચરોતર ઈંગ્લીશ મીડિયમ સ્કૂલની છત પર ૨૭ કિલોવોટનો સોલાર પ્લાન્ટ પ્રસ્થાપિત કરાયો છે.

**BLOOM DEKOR LIMITED**
**CIN:** L20210GJ1992PLC017341
**Regd. Office:** Block No. 267, Village Oran, Taluka Prantij, N. H. 8, Dist. Sabarkantha, North Gujarat - 383 205
**Corporate Office:** 2/F, Sumel, S. G. Highway Road, Thaltej, Ahmedabad - 380 059, Gujarat
**Tel. Phone:** +91 - 79 - 2684 1916 / 17 / 18,
**Fax:** + 91 - 79 - 2684 1914
**E-mail:** redressal@bloomdekor.com,
**Website:** www.bloomdekor.com

**NOTICE OF BOARD MEETING**

NOTICE is hereby given that the meeting of the Board of Directors of the Bloom Dekor Limited is scheduled to be held on Friday, August 2, 2019 at 12.00 Noon at the corporate office of the Company situated at 2/F, Sumel, S. G. Highway Road, Thaltej, Ahmedabad - 380 059, Gujarat, inter alia, to consider, approve & take on record the Unaudited Financial Result of the Company for the quarter ended on June 30, 2019 as per Regulation 33 of the Listing Regulation.

Pursuant to Regulation 47 of the Listing Regulations, aforesaid notice may be accessed on the Company's Website at www.bloomdekor.com and may also be accessed at the website of the Stock Exchange i.e. BSE Limited at www.bseindia.com.

For, Bloom Dekor Limited
----sd----
Tushar Donda
Company Secretary

**Date:** July 26, 2019
**Place:** Ahmedabad